ગુજરાતમિત્ર
સ્થાપના ૧૮૬૩

બારડોલી-વ્યારા-ભરૂચ

	મહત્તમ	લઘુતમ
અંકલેશ્વર	૪૦.૦° સે.	૧૯.૦° સે.
બારડોલી	૪૦.૦° સે.	૧૯.૦° સે.
ભરૂચ	૪૧.૦° સે.	૧૮.૦° સે.
વ્યારા	૪૦.૦° સે.	૧૯.૦° સે.

નામાંકન

૮ | બુધવાર 3 એપ્રિલ, ૨૦૨૪ | કામરેજ | પલસાણા | ઓલપાડ | સાયણ | કીમ-કોસંબા | માંડવી | મહુવા | વાલોડ | સોનગઢ | ઉકાઇ | અંકલેશ્વર | હાંસોટ

શેરડીના ભાવ બાબતે બારડોલી સુગર ફેક્ટરીના સભાસદો આજે રજૂઆત કરશે

બારડોલી સુગર ફેક્ટરીના સભાસદોએ એક મેસેજ વાઇરલ કર્યો

ફક્ત રજૂઆત માટે જવાના હોવાથી ધક્કામુક્કી કે અપશબ્દો તેમજ મારામારી ન કરવાની સૂચના

બારડોલીઃ સુગર ફેક્ટરીઓએ પોષણક્ષમ ભાવ નહીં આપતા ખેડૂતોમાં ભારે રોષ સાથે નારાજગી જોવા મળી રહી છે. ત્યારે 3જી એપ્રિલ ને બુધવારે બારડોલી સુગર ફેક્ટરીના ખેડૂત સભાસદો ભાવ મુદ્દે સુગર ફેક્ટરી ખાતે રજૂઆત કરવા જવાના હોવાના મેસેજ વાઇરલ થયા છે. સવારે 11 વાગ્યે સભાસદો સુગર ફેક્ટરી ખાતે ભેગા થવાના હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર 1 એપ્રિલના રોજ દક્ષિણ ગુજરાતની સુગર ફેક્ટરીઓ દ્વારા શેરડીના આખરના ભાવ જાહેર કરવામાં આવ્યા હતા. પરંતુ આ ભાવ ખૂબ જ ઓછા હોય ખેડૂતોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. કોલાવાળાઓએ 4000થી વધુ ભાવ અને તે પણ રોકડા આપ્યા હોવાથી ખેડૂતોને પણ આ ભાવ મળે તેવી આશા હતી. પરંતુ સુગર મિલ સંચાલકોએ ખેડૂતોને નિરાશ કરતાં ખેડૂત સભાસદોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. પંચાયતથી પાર્લામેન્ટ અને સુગર મિલોમાં પણ ભાજપનું શાસન હોય ખેડૂતો આ વખતે સારા ભાવની આશા રાખીને બેઠા હતા. પરંતુ સુગર મિલ સંચાલકોએ ખેડૂતોની આશા પર પાણી ફેરવી દીધું હતું.

દરમિયાન બારડોલી સુગર ફેક્ટરીના ખેડૂતોએ એક મેસેજ વાઇરલ કર્યો છે, જેમાં 3-4-2024ના રોજ સવારે 11 વાગ્યે દસથી 12 ગામના બારડોલી સુગર ફેક્ટરીના સભાસદો બારડોલી સુગર ફેક્ટરી ખાતે ભાવ બાબતે રજૂઆત કરવા જવાના છે, જેમાં તેઓ ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળે તેવી માંગ કરશે. ફક્ત રજૂઆત માટે જનાર હોવાથી ધક્કામુક્કી કે અપશબ્દો તેમજ મારામારી ન કરવાની સૂચના પણ આપવામાં આવી છે. આમ હવે આવતીકાલે સભાસદો ભેગા થાય છે કે કેમ એ જોવું રહ્યું.

સરસ ગામે જિંગા તળાવની પાળ પરથી ટ્રેક્ટર પલટી મારતાં ચાલકનું મોત

સાયણઃ ઓલપાડના સરસ ગામની સીમમાં બ્લોક નં.૨૯૮ વાળી જમીનમાં જિજ્ઞેશ કિશોર પટેલનાં અલગ-અલગ ઝીંગાનાં તળાવો આવેલાં છે. આ તળાવની પાળના રિપેરિંગ માટે મૂળ રાજસ્થાનના રાજુરામ રેવંતરામ (ઉ.વ.૪૦) પાસે ત્રણ ટ્રેક્ટર હોવાથી તેને કોન્ટ્રાક્ટ આપ્યો હતો. ગત સોમવાર તા.૧ના રોજ રાજુરામ ટ્રેક્ટર નં.(આરજે-૦૭, આરજી-૦૬૩૦) પોતે હંકારી જિંગા તળાવની પાળ બનાવી રહ્યો હતો. એ સમયે સાંજે પોણા સાત કલાકના સુમારે તેણે ટ્રેક્ટર પૂરઝડપે અને ગફલતભરી હંકારતાં ટ્રેક્ટર અચાનક તળાવની પાળ પરથી તળાવમાં નીચે પલટી મારી ગયું હતું. જેથી રાજુરામ ટ્રેક્ટર નીચે દબાઈ જતાં મજૂરોએ ટ્રેક્ટર સીધું કરી રાજુરામને બહાર કાઢ્યો હતો. બાદ રાજુરામને સારવાર અર્થે ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા ઓલપાડ સી.એચ.સી. ખાતે સારવાર અર્થે લાવવામાં આવ્યો હતો. જ્યાં ફરજ ઉપરના ડોક્ટરે તેને તપાસી મૃત જાહેર કર્યો હતો.

આમચકમાં શેરડી કાપતા શ્રમિકે આગમાં ફસાયેલા દીપડાના બચ્ચાનો જીવ બચાવ્યો

આગ લાગતાં દીપડી બાજુના ખેતરમાં જતી રહી, બચ્ચું ખેતરમાં રહી ગયું

શ્રમિકે હિંમત દાખવી બચ્ચાને આગની વચ્ચેથી બહાર કાઢ્યું

અનાવલઃ મહુવાના આમચક ગામે શેરડીની કાપણી સમયે આગની લપેટમાં ફસાયેલી દીપડાના બચ્ચાને બચાવી યુવાને માનવતાની મહેક પ્રસરાવી હતી.

પ્રાપ્ત વિગત મુજબ મહુવાના આમચક ગામના ખેડૂત જિજ્ઞેશ ચૌહાણના ખેતરમાં ગણદેવી સુગરના મજૂરો દ્વારા મંગળવારે શેરડી કાપણી શરૂ કરાઈ રહી હતી. સુગરના મજૂરોએ શેરડી કાપવા માટે શેરડીના ખેતરમાં આગ લગાવતાં જ ખેતરમાં બચ્ચા સાથે છુપાયેલી દીપડી નજીકના ખેતરમાં પલાયન થઈ ગઈ હતી. દીપડી નજરે પડતાં જ શેરડી કાપનાર મજૂરો ભયભીત થઈ ગયા હતા. બાદ શેરડી કાપણી કામગીરીમા મંડી પડ્યા હતા. શેરડી કાપણી દરમિયાન દીપડાના બચ્ચાનો અવાજ સંભળાતાં ફરી મજૂરો ભયભીત બની ગયા હતા. અને શેરડી કાપણી છોડી ખેતરથી થોડે દૂર જતા રહ્યા હતા. ત્યારબાદ શેરડી કાપનાર એક શ્રમિક હિંમત કરી દીપડીના બચ્ચાનો અવાજ આવી રહ્યો હતો એ તરફ ગયો તો દીપડીનું નાનું બચ્ચું આગની ઝપેટ વચ્ચે ઘેરાયું હતું. જેથી યુવાને હિંમત દાખવી બચ્ચાને આગની વચ્ચેથી બહાર કાઢી જીવ બચાવ્યો હતો. અને બચ્ચાના વિરહમાં દીપડી તોફાની બની સ્થાનિકોને નુકસાન ન પહોંચાડે એ માટે યુવાને દીપડી જે તરફ ભાગી હતી એ ખેતર તરફ બચ્ચાને છોડી મૂક્યું હતું. સ્થાનિક ગ્રામજનોએ બચ્ચાનો જીવ બચાવનાર શેરડી કાપનાર મજૂરની હિંમતને બિરદાવી હતી.

નવાપરાની ફેક્ટરીમાં કારીગરોની નજર ચૂકવી મોબાઈલ ચોરનારો ઝડપાયો

લોકોએ મેથીપાક ચખાડી પાલોદ પોલીસને સોંપ્યો

હથોડાઃ મંગળવારે મોડી સાંજે કીમ નવાપરા જીઆઇડીસીમાં એક ફેક્ટરીમાં ઘૂસીને કારીગરોની નજર ચૂકવી મોબાઇલ ચોરનાર ચોરને લોકોએ પકડી મેથીપાક ચખાડી નજીકમાં આવેલી પાલોદ પોલીસને સોંપ્યો હતો.

પાલોદ પોલીસ ચોકી હદ વિસ્તારની પીપોદરા જીઆઇડીસી અને નવાપરા વિસ્તારની ફેક્ટરીઓમાં છેલ્લા કેટલાક વખતથી કંપનીઓમાં કારીગરો દ્વારા ચાર્જમાં મુકાતા મોબાઇલ ચોરી જવાના કિસ્સા સામે આવ્યા હતા. મંગળવારે મોડી સાંજે કીમ ચાર રસ્તા નવાપરા રોડ પાસે આવેલી જલારામ ગલીમાં આવેલી એક ફેક્ટરીમાં મોબાઇલ ચોર ઘૂસ્યો હતો અને મોબાઇલ ચોરીને ભાગી રહ્યો હતો. ત્યારે તેની હરકત સીસીટીવી કેમેરામાં કેદ થઇ જતાં લોકોએ તેને ઝડપી પાડી સારો એવો મેથીપાક ચખાડી નજીકમાં આવેલી પાલોદ પોલીસને સોંપી દીધો હતો. ઝડપાયેલાં બે ચોર નામ-ઠામ તાત્કાલિક જાણી શકાયા નથી. પરંતુ પોલીસે તેમની પાસેથી બે મોબાઇલ કબજે કરી ઝીણવટભરી તપાસ હાથ ધરી છે.

વાલોડ રેફરલમાં બાળકોના ડોક્ટરની કાયમી નિમણૂક નહીં થતાં ગ્રામજનોમાં આક્રોશ

એમ્બ્યુલન્સ પણ બંધ હાલતમાં, ભારત આદિવાસી સંવિધાન સેનાનું મામલતદારને આવેદન

તબીબના અભાવે બાળકોને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઇ જવા પડે છે

ઉકેલ નહીં આવે તો ગ્રામજનોની આંદોલનની ચીમકી

વ્યારાઃ વાલોડ રેફરલ હોસ્પિટલ ખાતે તાત્કાલિક ધોરણે બાળકોના ડોક્ટરની કાયમી નિમણૂક અને બંધ પડેલી એમ્બુલન્સને ચાલુ કરવા ભારત આદિવાસી સંવિધાન સેના, વાલોડના દોડકિયા ફળિયામાં રહેતા મહેન્દ્ર જીતુ ચૌધરી સહિતના આગેવાનોએ મામલતદારને આવેદન આપ્યું હતું.

આવેદનમાં જણાવ્યું હતું કે, વાલોડ રેફરકલ હોસ્પિટલ તાલુકા કક્ષાની એકમાત્ર સરકારી હોસ્પિટલ છે. જ્યાં સમગ્ર વાલોડ તાલુકાના ગરીબ પરિવારના લોકો પોતાની અને પરિવારની સારવાર કરાવવા માટે આવતા હોય છે. પરંતુ હાલના સમયની સ્થિતિ એવી છે કે, રેફરલ હોસ્પિટલ વાલોડમાં કાયમી ધોરણે બાળકોના ડોક્ટરની નિમણૂક કરવામાં આવી નથી. જેના કારણે ગરીબ પરિવારના લોકોએ પોતાનાં બાળકોની સારવાર કરાવવા માટે ખાનગી ડોક્ટર પાસે જવું પડે છે. જેથી એમને આર્થિક રીતે પરવડે તેમ નથી. બાળકોની હોસ્પિટલની સુવિધા હોવા છતાં ગરીબોને ખાનગી ડોક્ટરને ત્યાં જવું પડે તે એક દુખદ અને ગંભીર બાબત છે. અગાઉ પણ આ મામલે રજૂઆત કરાઇ હતી, પણ હજુ સુધી કોઈ પગલાં લેવાયાં નથી.

રેફરલ હોસ્પિટલમાં દર્દીઓને એક હોસ્પિટલથી બીજી હોસ્પિટલ લઈ જવા માટે જે એમ્બ્યુલન્સ છે તે છેલ્લા ઘણા સમયથી બંધ છે. જેના કારણે દર્દીઓએ ખાનગી વાહનનો ઉપયોગ કરવો પડી રહ્યો છે. અમુક કિસ્સામાં તાત્કાલિક ધોરણે વાહન ન મળતાં દર્દીનું મૃત્યુ પણ થાય છે. જે ઘટના પણ ગંભીર ગણી શકાય તેમ છે. તાત્કાલિક એમ્બુલન્સ ફાળવવામાં આવે. જેથી ગરીબ પરિવારને તે મદદરૂપ થઈ શકે. જો આ મામલે ત્વરિત ઉકેલ લાવવા તંત્ર નિષ્ફળ રહે તો ઉગ્ર આંદોલનની ચીમકી પણ ઉચ્ચારી છે.

ઈટાળવાથી પશુઓ ભરેલી પિકઅપ સાથે બે પકડાયા

પલસાણાઃ પલસાણાના ઈટાળવામાં ધુલિયાથી સુરત જતાં રોડ પરથી પોલીસે પશુઓ ભરેલા પિકઅપ સાથે બેની ધરપકડ કરી હતી. પોલીસે પિકઅપમાંથી પાંચ પશુને છોડાવી પાંજરાપોળ મોકલી દીધાં હતાં. પલસાણા પોલીસને ગૌરક્ષકોએ ફોન પર જણાવ્યું હતું કે, ઈટાળવા ગામની સીમમાં ધુલિયાથી સુરત જતાં નેશનલ હાઈવે નં.53 પર એક પિકઅપ પકડાઈ છે, જેમાં પશુઓની શંકાસ્પદ હેરાફેરી થઈ રહી હતી. પોલીસે સ્થળ પર જઈને પિકઅપમાં તપાસ કરતાં અંદર એક પાડો, બે પાડી અને એક ભેંસ મળી કુલ 5 પશુ ભરેલાં હતાં. જેમાં ઘાસચારો કે પાણીની કોઈ વ્યવસ્થા ન હતી અને ટૂંકા દોરડાથી પશુઓને ખીચોખીચ બાંધેલાં હતાં. પોલીસે પશુઓને ઉતારી કામરેજના થારોલી ખાતે આવેલા પાંજરાપોળમાં મોકલી આપ્યાં હતાં. પાંચ પશુઓ કુલ કિં.રૂ. 26,000 અને એક પિકઅપ કિં.રૂ. 2 લાખ મળી કુલ 2.26 લાખનો મુદ્દામાલ કબજે કરી ચાલક મહબૂબ સુલેમાન શેખ (રહે., બેઠી કોલોની, મીઠી ખાડી, સુરત, મૂળ રહે., જામનેર, જિ.જલગાંવ, મહારાષ્ટ્ર) અને ઝુબેર યાસીન ખાન (રહે., ઉમરવાડા, સુરત, મૂળ રહે., નશીરાબાદ, તા.જિ. જલગાંવ, મહારાષ્ટ્ર)ની ધરપકડ કરી હતી.

સંક્ષિપ્ત સમાચાર

અનાવલની A1 ગ્લોબલ સ્કૂલ ખાતે ક્વીઝ કોમ્પિટિશન

અનાવલઃ શ્રી નવસર્જન એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત A1 ગ્લોબલ સ્કૂલ અનાવલ ખાતે તા.2/04/2024ના રોજ " ક્વીઝ કોમ્પિટિશન " નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન ભાવનાબેન દ્વારા કરવામાં આવ્યું હતું. આ કોમ્પિટિશનમાં ધો.5થી 8નાં બાળકોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કોમ્પિટિશનનો મુખ્ય હેતુ બાળકોમાં સંઘ ભાવના, મિત્ર ભાવના, તર્ક શક્તિનો વિકાસ થાય તે હતો. અને તે દ્વારા બાળકોએ પોતાની બૌદ્ધિક ક્ષમતાને ઓળખી તેમજ ખૂબ જ સરસ રીતે ઉત્સાહપૂર્વક પ્રદર્શિત કરી હતી. આ કાર્યક્રમને સમગ્ર શાળા પરિવારે સહભાગી થઈ સફળ બનાવ્યો હતો. અંતે ભાવેશભાઈ દ્વારા આભાર વિધિ કરવામાં આવી હતી.

સોનગઢના બેડી ગામે જમીન બાબતે ભાઈ-બહેન વચ્ચે બખેડો થતાં ફરિયાદ

વ્યારાઃ સોનગઢ તાલુકાના બેડી ગામે નિશાળ ફળિયામાં પ્રિયંકાબેન ગામીત (ઉ.વ.૩૪)ના ઘરે આવી તેનો જ ભાઇ જોનીયેલ ગામીત ગત તા.૨૮/૦૩/૨૦૨૪ના રોજ સાંજના આશરે સાડા છ એક વાગ્યાના સમયે તેણી સાથે જમીનના ભાગ બાબતે અગાઉ થયેલા ઝઘડાની અદાવત રાખી ઘરના મોભના નળિયાને તોડી અંદાજિત કિં.રૂ. ૧૫ હજારનું નુકસાન પહોંચાડ્યું હતું. બોલાચાલી દરમિયાન ગાળાગાળી કરી પ્રિયંકા ગામીતને ધક્કો મારી નીચે પાડી દેતાં શરીરે ઇજા પહોંચાડી હતી. પ્રિયંકા તથા દાદી બાલુબેનને ઘરમાંથી કાઢી મૂકવા તેમજ જાનથી મારી નાંખવાની ધમકી આપતાં આ મામલે પ્રિયંકાની ફરિયાદને આધારે પોલીસે ગુનો નોંધી વધુમાં તપાસ હાથ ધરી છે. સોનગઢના બેડી ગામે ખાતા નં.૨૧૬ પ્લોક નં.૧૮૬વાળી ખેતીવિષયક જમીન પ્રિયંકા ગામીતનાં દાદી બાલુબેન વીરીયાભાઇ ગામીતના નામ પર હોય તેનો ભાઇ જોનીયેલ ગમન ગામીત ખેતી કરતો હોવાથી તે જમીનમાંથી પ્રિયંકા પોતાના ભાગની જમીન માંગવા જતાં તેની સાથે અવારનવાર બોલાચાલી ને ઝઘડો કરતો હતો. અને આ બાબતે ગામ આગેવાનો રૂબરૂ સમાધાન થયું હતું. તેમાં દાદી બાલુબેનને ત્રણ ક્યારી તથા પ્રિયંકાને એક ક્યારી આપી હતી. જે જમીનમાં પ્રિયંકા ખેડાણ કરવા જતાં તેને જોનીયેલ ખેડવા નહીં દેતાં બોલાચાલી થઇ હતી. ગત તા.૨૮/૦૩/૨૦૨૪ના રોજ સાંજના સમયે જોનીયેલ બહેનના ઘરે આવી જમીનના ભાગ બાબતે અગાઉ થયેલા ઝઘડાની અદાવત રાખી ઘરના મોભનાં નળિયાંને તોડી નુકસાન કરવા લાગ્યો હતો.

વ્યારાના કરંજવેલ સહિતના વિસ્તારોમાં પોલીસ જવાનોની ફ્લેગ માર્ચ

વ્યારાઃ લોકસભાની ચૂંટણી સંદર્ભે કાયદો અને વ્યવસ્થા જળવાય રહે એ હેતુથી પોલીસ દ્વારા તૈયારીઓ શરૂ કરવામાં આવી હતી. લોકસભા ચૂંટણી પૂર્વે વ્યારાના કરંજવેલ સહિતના વિસ્તારોમાં પોલીસ જવાનોએ ફ્લેગ માર્ચ યોજી પેટ્રોલિંગ કર્યું હતું.

ઓલપાડની સરસ પ્રાથમિક શાળાને બેન્ચિસ તથા રમતગમતનાં સાધનોની ભેટ

સાયણઃ નિવૃત્તિના અંતિમ દિવસ સુધી નિષ્ઠાપૂર્વક ફરજ બજાવનાર ઓલપાડ તાલુકાની જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત સરસ પ્રાથમિક શાળાના આચાર્ય રમણલાલ સાકરલાલ ચૌહાણ શાળા તથા બાળકોના હિતાર્થે અનેકવિધ સરકારી યોજનાઓનો ભરપૂર લાભ અપાવતા રહ્યા છે. ભૂતકાળમાં દાતાઓના સહયોગથી તેમણે શાળાની વિવિધ જરૂરિયાતો પૂર્ણ કરી શાળાને ભૌતિક સુવિધાયુક્ત બનાવી છે. તેમના આવા નિરંતર પ્રયત્નોના પરિપાકરૂપે ગતરોજ રોટરી ક્લબ, સુરત તરફથી શાળાને અંદાજિત રૂપિયા 1,20,000ની કિંમતની 30 જેટલી બેન્ચિસ તથા રમતગમતનાં સાધનો દાન સ્વરૂપે પ્રાપ્ત થયાં છે. શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યોની ઉપસ્થિતિમાં આ બેન્ચિસ તથા રમતગમતનાં સાધનોની અર્પણવિધિ કરવામાં આવી હતી. આ તબક્કે બાળકોમાં ખુશીની લહેર વ્યાપી ગઈ હતી. આ તકે બાળકો માટે કેક સાથે અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી હતી. રમણલાલની શાળામાં અભ્યાસ કરતાં ગરીબ મધ્યમવર્ગીય બાળકોની શૈક્ષણિક જરૂરિયાત પરિપૂર્ણ કરવાની ઉદાત ભાવનાને ગ્રામજનોએ બિરદાવી તેમને અભિનંદન પાઠવ્યાં હતાં. અંતમાં રમણલાલે સખાવતી સંસ્થા રોટરી ક્લબ તથા તેના હોદ્દેદારોનો આભાર વ્યક્ત કર્યો હતો.

સરસના સિધ્ધનાથ મહાદેવ મંદિરે લઘુરુદ્ર યજ્ઞનું આયોજન

સાયણઃ ઓલપાડના સરસ મુકામે આવેલા અતિ પ્રાચીન અને સુપ્રસિદ્ધ શિવમંદિર શ્રી સિધ્ધનાથ મહાદેવ મંદિરના પ્રાંગણમાં ટેમ્પલ ટ્રસ્ટ સિવિલ કોર્ટ-ઓલપાડ દ્વારા આગામી તા.૨૭/૪/૨૦૨૪ના રોજ લઘુરુદ્ર યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. આ લઘુરુદ્ર યજ્ઞ મહાપૂજામાં યજ્ઞવેદી પર બેસવા માંગતા શિવજીના ભક્તોએ ઓલપાડ- હાથીસા રોડ આવેલી સિવિલ કોર્ટના નાઝર તથા શ્રી સિધ્ધનાથ મહાદેવ મંદિર, સરસ મુકામે આગામી તા.૨૩મી એપ્રિલ સુધીમાં વહેલા તે પહેલાના ધોરણે પૂજારીને નામ નોંધાવવા જણાવાયું છે. જ્યારે આ લઘુરુદ્ર યજ્ઞમાં શિવજીની મહાપૂજા સહિત શિવ ઉપાસનાનો અનેરો લાભ લેવા ટેમ્પલ કમિટી તરફથી ભક્તજનોને જાહેર નિમંત્રણ સાથે અનુરોધ કરવામાં આવ્યો છે.

માંગરોળના વેરાકુઈમાં ડમ્પર અડફેટે બાઈકચાલકનું મોત, એક ઘાયલ

ડેડિયાપાડાનો રાજેશ વસાવા માંડવી જતી વેળા રસ્તે લઘુશંકા માટે ઊભો રહ્યો ને અકસ્માત સર્જાયો

વાંકલઃ માંગરોળના વેરાકુઈ ગામે ડમ્પરચાલકે બાઇકને અડફેટે લેતાં એકનું મોત થયું હતું. જ્યારે બીજાને વધુ સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયો હતો. આ બનાવમાં ડમ્પરચાલક ફરાર થઈ ગયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર ડેડિયાપાડાના ગોપાલિયામાં રહેતો રાજેશ ફૂલસિંગ વસાવાનાં બેન-બનેવી બૌધાન ગામે મજૂરીકામ કરે છે. તેમનો થોડો માલ-સામાન લાવવાનો હોવાથી સવારે ગોપાલિયાથી નીકળ્યો હતો. વાંકલથી વેરાકુઈ થઈ બૌધાન જતી વેળા લઘુશંકા કરવા બાઇક નં.(જીજે 19 ડીજે 8520) વેરાકુઈ ગામે નાળી ટેકરા ત્રણ રસ્તા પાસે ઊભા હતા. ત્યારે ગફલત રીતે હંકારી ડમ્પરચાલક નં.(જીજે 19-5187)એ તેમને અડફેટે લઈ દૂર સુધી ઘસડીને લઈ ગયો હતો.

રાજેશને માથાના ભાગે વધુ ઈજા થવાથી તેનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે તેમની પાછળ બેઠેલો રાહુલ દૂર ફેંકાઈ ગયો હતો. આ બનાવમાં ચાલક ડમ્પર મૂકી ફરાર થઈ ગયો હતો.

રાહુલને હાથના ભાગે ફ્રેક્ચર હોવાથી હોસ્પિટલ ખસેડાયો હતો. તો રાજેશની લાશને પીએમ માટે મોસાલી રેફરલ હોસ્પિટલમાં લઈ જવાઈ હતી. આ મામલે માંગરોળ પોલીસમથકે ફરિયાદ નોંધાતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કડોદ-મઢી રોડ પર અકસ્માતમાં DGVCLના કર્મચારીનું મોત

નોકરી પરથી ઘરે આવતી વેળા અજાણ્યા વાહન અડફેટે આવતાં મોત થયું

બારડોલીઃ સુરાલી ગામે ધારિયા ઓવરા ફળિયામાં પોતાની સાસરીમાં ઘરજમાઈ તરીકે રહેતા અને મૂળ પલસાણાના અમલસાડીના સંજય કાંતુ રાઠોડ (ઉ.વ.43) તેની પત્ની રક્ષા અને સાસુ-સસરા ખાતે રહે છે. તેઓ છેલ્લાં ચાર વર્ષથી સાયણ ખાતે આવેલી દક્ષિણ ગુજરાત વીજ કંપનીની કચેરીમાં નોકરી કરે છે. અને પોતાની મોટરસાઇકલ પર અપ-ડાઉન કરે છે. સોમવારે તેઓ પોતાની મોટરસાઇકલ નં.(જીજે 19 એસી 1183) લઈ નોકરી પર ગયા હતા. માર્ચ મહિનો પૂરો થયો હોવાથી નાણાકીય વર્ષનો પહેલો દિવસ હોવાથી કામ વધું હતું. આથી તેમને આવતા મોડું થાય એમ હોવાથી ઘરે પણ આ અંગે જાણ કરી હતી.

તેઓ રાત્રિના સમયે ઘરે આવવા નીકળ્યા હતા. જો કે તેઓ ઘરે પહોંચ્યા ન હતા. બીજા દિવસે સવારે 9 વાગ્યે તેમની લાશ મઢી ગામની સીમમાં કડોદ મઢી રોડ પર પર હિતેશ ભક્તના ખેતરની પાસે પાણીની નીકમાંથી મળી આવી હતી. કોઈ અજાણ્યા વાહને ટક્કર મારી તેમને મોટરસાઇકલ સાથે ફેંકી દેતાં ગંભીર ઈજા થવાથી મોત થયું હતું. પોલીસે મૃતકના સસરા પરસોત્તમ હળપતિની ફરિયાદના આધારે અજાણ્યા વાહનચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

શાકભાજીના ટેમ્પોમાં મહિલાને બેસાડી દારૂની હેરાફેરી

નાસિકથી શાકભાજી ભરી સુરત આવતી વેળા કામરેજ નજીક એલસીબીની કાર્યવાહી

પલસાણાઃ સુરત જિલ્લા એલસીબીની ટીમ ગત રાત્રે કામરેજ પોલીસમથક વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. એ સમયે ખાનગી રાહે બાતમી મળી હતી કે, એક ટેમ્પો નંબર જીજે સીક્યુ 5039માં મહારાષ્ટ્રના નાસિકથી શાકભાજીની આડમાં વિદેશી દારૂનો જથ્થો ભરી ટેમ્પોચાલક એક મહિલાને ટેમ્પોમાં આગળ બેસાડી ધુલિયા થઈ માંડવી, કામરેજ અને ત્યાંથી સુરત શહેર તરફ જનાર છે. આ બાતમીના આધારે પોલીસે કામરેજના નવાગામ નજીક કામરેજ-કડોદરા જતાં સર્વિસ રોડ પર વોચ ગોઠવી હતી. એ સમયે બાતમી મુજબનો ટેમ્પો આવતાં જ પોલીસે ટેમ્પોને રોકી પાછળના ભાગમાં તપાસ કરતાં અંદર શાકભાજી ભરેલી હતી. પોલીસે શાકભાજીનાં પોટલાં હટાવી જોતાં તેની નીચેથી વિદેશી દારૂ ભરેલાં બોક્સ મળી આવ્યાં હતાં. પોલીસને કુલ 1740 બોટલ કિં.રૂ. 3,27,600 રૂપિયા મળી આવી હતી. પોલીસે દારૂ ઉપરાંત બે મોબાઇલ ફોન કિં.રૂ. 10 હજાર, ટેમ્પો કિં. રૂ. 5 લાખ, રોકડા રૂ. 1 હજાર મળી કુલ 8,38,600 રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે ટેમ્પોચાલક મુખ્તાર મોહમદ અહેમદ ખાન (રહે., નાલાસોપરા, પાલઘર, મહારાષ્ટ્ર) અને રૂક્ષાના ખાતુન ઉર્ફે આસ્મા મોહમદ જૈદ શેખ (રહે., મલાડ, મુંબઈ)ની ધરપકડ કરી હતી. જ્યારે દારૂ મંગાવનાર ઉત્તમ દુબે (રહે., બારડોલી) સહિત બેને વોન્ટેડ જાહેર કર્યા હતા.

અનાવલનાં સરપંચના નામે પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજનાની ખોટી ID બની ગઈ!

અનાવલનાં સરપંચ આઇડી બનાવવા ગયા તો કોઇ કલાકાર પહેલા જ એમના નામનું આઇડી બનાવી ગયો હતો

અનાવલઃ મહુવાના અનાવલ ગ્રામ પંચાયતના સરપંચ દ્વારા તાલુકા વિકાસ અધિકારી અને મહુવા પોલીસને કરાયેલી લેખિત ફરિયાદમાં જણાવ્યા મુજબ પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના અંતર્ગત આઇડી પાસવર્ડ બનાવવાના હોવાથી રજિસ્ટ્રેશન કરાવવાનું હતું. રજિસ્ટ્રેશન સીએસી સેન્ટરમાં કરાવવા ગયા ત્યારે તપાસ કરતાં ખબર પડી કે અનાવલનાં સરપંચ મંજુલાબેન પટેલનું પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના હેઠળ થઈ ગયું છે. આથી તપાસ કરતા મોબાઈલ નંબર જે એક્ટિવ છે તે તપાસ કરતાં મનોજ પરમાર પોતાની કે અન્ય વ્યક્તિઓના નામે પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના હેઠળ આઇડી પાસવર્ડનું રજિસ્ટ્રેશન થયું છે.

જે એમની જાણ બહાર થયું છે. સરપંચની પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના અંતર્ગત આઇડી પાસવર્ડનો ખોટો ઉપયોગ કરીને છેતરપિંડી અને વિશ્વાસઘાત કર્યો હોવાથી કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.

હાલ તો આ બાબતે તપાસ થાય તો આ આઇડી ખોટી રીતે જો બનાવવામાં આવી હોય તો તેના નામે શું શું ધંધા કરવામાં આવ્યા છે એ બહાર આવે તેમ છે. ત્યારે તપાસ કરવામાં આવે તો નીતનવાં ભોપાળાં બહાર આવે તો નવાઈ નહીં.